# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/33/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૭૯ તા.૨૬.૦૨.૨૦૨૧

૨૦૦3ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – 33/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી ગુલાબબેન જીવનભાઈ પટેલ ગામ – નર્મદાનગર

સબડીવીઝન: જામજોધપુર પુર્વ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામજોધપુર

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: સોમવાર (૦૮.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૨.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, વિનંતી સહ જણાવવાનું કે અમારા ખેતરમાં આપની કંપનીનું વીજ જોડાણ છે એ કુવા ઉપર જયાબેન જીવનભાઈ, જેન્તીભાઈ જીવનભાઈ, અશોકભાઈ જીવનભાઈ, ગુલાબબેન જીવનભાઈ પટેલ અમારો કુવા ઉપર સંયુક્ત હક છે. અમારી જમીન જે ના સર્વે નંબર ૨૧૭ (જૂના) છે જે જમીન ઉપર સંયુક્ત હક છે જેમાં કુવો અને વીજ જોડાણ પણ છે. એટલે આ કુવા ઉપર સંયુક્ત હકદાર છે આ કુવા ઉપર બીજું સ્વતંત્ર વ્યક્તિ નું વીજ જોડાણ આપી શકાય નહીં આપો તો ઝગડા નું સ્વરૂપ ધારણ કરે છે આથી આપની કંપનીને જાણ કરું છું કે આ કુવા ઉપર

અશોક જીવન સવસાણી ના નામની નવી વીજ જોડાણ માટે અરજી આવેલ છે તો આપ સાહેબને વિનંતી કે સર્વે નંબર ૨૧૭ ના ખેતરના કુવા ઉપર સ્વતંત્ર વીજ જોડાણ આપશો નહીં એવી અમારી નમ્ર વિનંતી છે.

જેના ગ્રાહક નંબર ૩૨૯૬૪/૦૦૬૯૫/૪ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારશ્રી ની રજૂઆત અન્વયે જણાવવાનું કે આપની વાંસજાળીયા ગામે આવેલ સંયુક્ત ખેતીવાડી જમીનમાં એક વીજ જોડાણ હયાત હોય, બીજું વીજ જોડાણ માટે અશોક જીવન સવસાણી એ અરજી કરેલ હોય જે વીજ જોડાણ સંયુક્ત ખેતીવાડી જમીન પર ન આપવા ગ્રાહક તકરાર ફોરમ પીજીવીસીએલ રાજકોટ ને તા. ૦૬.૦૨.૨૦૨૦ ના રોજ અરજી કરેલ છે.

૩.૧ અરજીના અનુસંધાને અમારી જામજોધપુર (વેસ્ટ) પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ પર હાજર વ્યક્તિ અશોકભાઇ જીવનભાઈ ની હાજરી માં સ્થળ તપાસ કરતાં પર જીવન ઠાકરશી પટેલ ના નામ નું ૩૨૯૬૪૦૦૬૯૫૪ ગ્રાહક નંબર થી ખેતીવાડી વીજ કનેક્શન કૂવા પર હયાત છે.વધુમાં જણાવવાનું કે આપ દ્વારા અરજીમાં જણાવેલ કે આ સંયુક્ત કૂવા પર અશોક જીવન સવસાની દ્વારા પણ તે અંગે ની ખરાઈ કરેલ છે. તેમજ તે અંગે નું સ્થળ રોજકામ પણ કરી આપેલ છે.વધુમાં જણાવવાનું કે સંયુક્ત કૂવા પર ભાગીદારો ની સહમતી વગર વીજ કનેક્શન આપતા નથી.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ ના રેકોર્ડ મુજબ અરજદાર શ્રી દ્વારા આવી કોઈ અરજી કરવામાં આવેલ નથી. જેથી આ કેસ માં કોઈ કામ કરવાનું રહતું નથી. હવે પછી અરજદાર શ્રી દ્વારા અરજી કરે થી પીજીવીસીએલ ના નિયમ મુજબ આગળ ની કાર્યવાહી કરવા માટે હુકમ કરવા માં આવે છે.

૪.૨ અરજદાર શ્રી ને નિયમ મુજબ નવું કનેક્શન આપવા માટે કંપની ના નિયમ મુજબ અરજી તથા જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ અને જરૂરી અંદાજ પત્ર ભરાવી પાવર સપ્લાય આપવા માટે અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯